# વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮
# બાગાયત ખાતુ, ગુ.રા., ગાંધીનગર
# ૨૪૦૧ – પાક કૃષિ વ્યવસ્થા

પ્રસ્તાવના-

બાગાયત ખાતાની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં ચાલુ કાર્યક્રમો (નોન પ્લાન સહીત) અંતર્ગત રૂ. ૩૪૮૯૧.૨૫ લાખની અને નવા કાર્યક્રમો માટે રૂ. ૭૧૯૬.૯૭ લાખની બજેટ જોગવાઈ મળી કુલ રૂ. ૪૨૦૮૮.૨૨ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં નીચે મુજબના જુદા જુદા બાગાયતી કાર્યક્રમો અમલમાં મુકવામાં આવનાર છે.

૧. <u>એચ.આર.ટી. – ૧ નિર્દેશ અને વહીવટઃ-</u>

જુદા જુદા બાગાયત વિકાસ કાર્યક્રમોના અમલ માટે ઓછામાં ઓછા કર્મચારી વર્ગ સાથે બાગાયત વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. બાગાયત પ્રવૃત્તિઓને અસરકારક બનાવવા માટે તેમજ રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓ સંગીન બનાવવા, વહીવટી અને તક્નીકી તંત્ર, હિસાબો, અંદાજપત્ર નિયમન અને સંકલન વગેરે સહિત તંત્ર વ્યવસ્થા જાળવવા માટે વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ. ૧૨૩૪.૪૬ લાખની જોગવાઇ (સ્થાયી ખર્ચ સહીત) કરેલ છે.

૨. <u>એચ.આર.ટી. – ૨ સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ:-</u>

રાજ્યમાં બાગાયત વિકાસ માટે વિવિધ સંકલિત વિકાસ કાર્યક્રમો જેવા કે ફળપાક્નો વાવેતર વિસ્તાર વધારવો, આઇ.પી.એમ./ આઇ.એન.એમ માટે પ્રોત્સાહન, જુની વાડીનું નવિનીકરણ, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, દરિયાઇ/ હવાઈ માર્ગે ફળ, શાકભાજી, મરી મસાલા, ફૂલ, બિયારણ તથા પ્લાન્ટીંગ મટીરીયલ્સને નિકાસ માટે નુરમાં સહાય, ખેડૂત શીબીર, સેમિનાર, પોલી હાઉસ/શેડનેટ ઊભા કરવા, વેલાવાળા શાક્ભાજી પાકે માટે કાચા-પાકા માંડવા બાંધવા, ટીસ્યુક્લ્ચર રોપા માટે હાર્ડનીંગ યુનિટ સ્થાપવા, કોલ્ડ સ્ટોરેજ બાંધવા, પ્લાસ્ટિક ક્રેટસની ખરીદીનો કાર્યક્રમ વગેરે જેવા ઘટકોનો સમાવેશ ક્વામાં આવેલ છે. આ કાર્યક્રમ માટે વાર્ષિક્ વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ ના વર્ષમાં રૂ. ૧૯૩૩૪.૩૭ લાખની જોગવાઈ (સ્થાયી ખર્ચ સહીત) સુચવેલ છે.

૩. <u>એચ.આર.ટી. – ૩ આદિજાતિ વિસ્તારમાં ( ટીએએસપી) બાગાયત વિકાસ કાર્યક્રમ:-</u>

આ કાર્યક્રમમાં આદિજાતિ જિલ્લાઓમાં ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો તથા ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવાની પ્રવૃત્તિઓ, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકો માટે કાચાપાકા માંડવા બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જ઼ેવા ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં ચાલુ કાર્યક્રમ અંતર્ગત રૂ. ૨૮૭૦.૦૦ લાખની જોગવાઈ, એચ.આર.ટી.-૧૦ (સ્પેસીયલ ફોર ડાંગ) ઇયર માર્ક પ્રોવિજ઼ન ટીએએસપી માટે રૂ. ૫૦.૦૦ લાખ અને ટી.એ.એસ.પી. ન્યુ ગુજરાત પેટર્ન માટે રૂ. ૧૬૦.૦૦ લાખની જ઼ોગવાઇ એમ કુલ મળી રૂ. ૩૦૮૦.૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે.

૪. <u>એચ.આર.ટી. – ૪ અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસસીએસપી) હેઠળ બાગાયત વિકાસ કાર્યક્રમ:-</u>

આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ફળ પાકનો વાવેતર વિસ્તાર વધારવો, ફળ રોપા ઉછેર કેન્દ્રો અને પૂર્વ જરૂરિયાતો વધારવાની પ્રવૃત્તિઓ, શોર્ટીંગ ગ્રેડીંગનાં સાધનો, ફાર્મ મીકેનાઇઝેશનનો કાર્યક્રમ, નવી નર્સરીઓની સ્થાપના અને ચાલુ નર્સરીઓને સુદ્રઢ અને આધુનીકરણનો કાર્યક્રમ, વેલાવાળા શાક્ભાજી પાકો માટે કાચા-પાકા માંડવા બાંધવા, કાપણી પછીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરીની ખરીદી જ઼ેવા ઘટકનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં ચાલુ કાર્યક્રમો માટે રૂ. ૧૧૨૫.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

૫. <u>એચ.આર.ટી. – ૫ ફળ અને શાકભાજીની જાળવણી અને તાલીમની યોજના:-</u>

ફળ અને શાક્ભાજીની જાળવણી અને તાલીમ કાર્યક્રમ અંતર્ગત પૂરતા પ્રમાણમાં જ્યારે શાકભાજી અને ફળો ઉપલબ્ધ થાય ત્યારે તેની જાળવણી કેવી રીતે કરવી તેનું શિક્ષણ મહિલાઓને આપવા માટે ૧૭ સામુહિક ડબ્બાબંધી અને બગીચા કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. ફળ અને શાકભાજીની જાળવણીની રીતો બનાવવા માટે કેન્દ્ર પર ગ્રામીણ વિસ્તારમાં ૭ થી ૧૫ દિવસના ટૂંકા ગાળાના તાલીમ

વર્ગો યોજવામાં આવે છે. મોબાઇલ તાલીમ કેન્દ્ર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને સ્વનિર્ભર કરવા માટે પણ આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં ચાલુ કાર્યક્રમ અંતર્ગત રૂ. ૩૦૬.૨૩ લાખની જોગવાઈ (સ્થાયી ખર્ચ સહીત) સુચવવામાં આવેલ છે.

૬. એચ.આર.ટી. – ૮ ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કે.પુ. યોજના (નારિયેળી વિકાસ કાર્યક્રમ):-

નારિયેળી વિકાસ કાર્યક્રમ ૫૦ ટકા કેન્દ્રના અને ૫૦ ટકા રાજ્યના તથા ૧૦૦ ટકાના કેન્દ્રના ઘટક્ના હિસ્સાની યોજના છે. આ યોજનામાં વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેવા કે નારિયેળીનો વાવેતર વિસ્તાર વધારવો, નારિયેળી પાક નિદર્શન, સેન્દ્રિય ખાતર યુનિટ તૈયાર કરવા, નારિયેળી નર્સરી ની સ્થાપના જેવા ઘટકોનો સમાવેશ કરેલ છે. વધુમાં આ કાર્યક્રમ માટે સને ૨૦૧૭-૧૮ માં કેન્દ્રના હિસ્સાના રૂ. ૧૧.૦૦ લાખની અને રાજ્યના હિસ્સાના રૂ. ૧૧.૦૦ લાખની જોગવાઈ તથા ૧૦૦ ટકાના કેન્દ્રના રૂ. ૩૫.૦૦ લાખ સુચવવામાં આવેલ છે એમ કુલ મળી રૂ. ૫૭.૦૦ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૭-૧૮ માટે સૂચવવામાં આવેલ છે.

૭. એચ.આર.ટી. – ૯ (જનરલ ખેડૂતો માટે), એચ.આર.ટી.-૧૩ (એસ.સી. ખેડૂતો માટે) & એચ.આર.ટી.-૧૪ (એસ.ટી. ખેડૂતો માટે) ગુજરાત રાજ્યમાં બાગાયત વિકાસ અંગેની કે.પુ. યોજના- મિશન ઓન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (નેશનલ હોર્ટીક્લ્ચર મિશન):-

નેશનલ હોર્ટીક્લ્ચર મિશનમાં બાગાયત વિકાસ માટે એમ.આઇ.ડી.એચ. હેઠળ જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જેમ કે પ્લાન્ટેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ, નર્સરી ડેવલપમેન્ટ, એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ન્યુ ગાર્ડન્સ, ક્રીએશન ઓફ વોટર રિસોર્સીંગ, પ્રોટેક્ટેડ ક્લ્ટીવેશન, આઇપીએમ /આઇએનએમ પ્રમોશન, પોસ્ટ હાર્વેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, માર્કેટીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા જુદા જુદા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માટે નેશનલ હોર્ટીક્લ્ચર મિશન દ્વારા રૂ. ૧૬૮૦૦.૦૦ લાખની જોગવાઇ (૬૦ ટકા કેન્દ્રના અને ૪૦ ટકા રાજ્યના હિસ્સા) મુજબ સૂચવેલ છે. જે મુજબ આ કાર્યક્રમ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૭-૧૮ માં ચાલુ બાબત તરીકે (૧) કેંદ્રના ૬૦ ટકા હિસા મુજબ રૂ. ૭૮૬૨.૪૦ લાખ તેમજ રાજ્યના ૪૦ % મુજબ રૂ. ૫૨૪૧.૬૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૧૩૧૦૪.૦૦ લાખ (એચ.આર.ટી.-૯ સામાન્ય કેટેગરી ખેડૂતો માટે), (૨) રૂ. ૭૦૫.૬૦ લાખ કેંદ્રના હિસ્સાના ૬૦ ટકા તેમજ રાજ્યના ૪૦ % મુજબ રૂ. ૪૭૦.૪૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૧૧૭૬.૦૦ લાખ (એચ.આર.ટી.-૧૩ એસસીએસપી કેટેગરી ખેડૂતો માટે) તેમજ (૩) રૂ. ૧૫૧૨.૦૦ લાખ કેંદ્રના હિસ્સાના ૬૦ % તેમજ રાજ્યના ૪૦% મુજબ રૂ. ૧૦૦૮.૦૦ લાખની જોગવાઈ એમ કુલ મળી રૂ. ૨૫૨૦.૦૦ લાખ (એચ.આર.ટી.-૧૪ ટીએસપી કેટેગરી ખેડૂતો માટે) ની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૮. અંક્તિ જોગવાઈ માહિતી અને પ્રોદ્યાગીકી (આઇ.ટી.):-

માહિતી ટેકનોલોજી માટે હાર્ડવેર, કોમ્પ્યુટર સિસ્ટમ ખરીદવા, કર્મચારીઓને તાલીમ આપવા માટે, અદ્યતન માહિતી અને ટેકનોલોજી વિક્સાવવા, વેબ સાઈડ અદ્યતન કરવા જેવી બાબતો માટે સને ૨૦૧૭-૧૮ માટે રૂ. ૩૫.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

૯. અંક્તિ જોગવાઈ વર્ક્સ (આર & બી):-

આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ માં નાયબ બાગાયત નિયામક, સુરતની કચેરીના રીનોવેશન અંતર્ગત ચાલુ બાબત માટે રૂ. ૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.